## : ફોર્મ-૪૦૩ ઓનલાઇન મેળવવા માટે કરવાની થતી કામગીરી :

( સરળ સ્ટેપ્સમાં )

### ક. નંબર જનરેટ કરવા

ફકત ગુજરાતના નોંધાયેલ વેપારી માટે :-

- સૌ પ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવુ.
- વેબસાઇટના હોમપેજ પર ડાબી બાજુએ આવેલ યુઝર આઇડીના કોલમમાં તમારો ટીન તથા પાસવર્ડના કોલમમાં તમારો પાસવર્ડ આપવો તથા "ડીલર" નું ઓપ્શન સિલેકટ કરી દર્શાવેલ "કેપ્ચા" દાખલ કરી લોગ-ઇન થવું.
- આ પેજ પર ડાબી બાજુએ આવેલ લિન્કસમાંથી "ઇ-ચેકપોસ્ટ" ની લિન્ક પર કિલક કરતાં "૪૦૩ સીરીઝ જનરેશન" ની લિન્ક મળશે જેની પર કિલક કરતાં "No. Of Forms required" ની સામેના બોકસમાં કેટલાં ફોર્મ્સ જોઇએ તેની સંખ્યા જણાવવાનો મેસેજ દર્શાવેલ હશે, જયાં માત્ર નંબર્સ દર્શાવવા (દા.ત. ૫૦) આ થકી એકસાથે વધુમાં વધુ ૨૦૦૦ ફોર્મ્સની સીરીઝ મેળવી શકાશે. આ નંબર દર્શાવીને આપની ફોર્મ રીકવેસ્ટ સબમીટ કરવી.
- આ સીરીઝ જનરેટ થતાં જ સ્કીન પર આપને બારકોડેડ એકનોલેજમેન્ટ રીસિપ્ટ અને ફોર્મ નંબરની લિન્ક મળશે. ફોર્મ સીરીઝ પર કિલક કરતાં એકસેલ ફોર્મેટમાં માગેલ સંખ્યા મુજબના આ નંબરો ની સીરીઝ દેખાશે. આપના કોમ્પ્યુટરની હાર્ડ ડ્રાઇવમાં આ સેવ કરી લેવાશે. (આ માટે આપના ઇન્ટરનેટ એકસપ્લોરરમાં આપેલ "ટુલ" ઓપ્શનમાં જઇને (પોપ અપ બ્લોકર ઓફ કરવાનુ રહેશે.) આપે ફોર્મ ૪૦૩ જનરેટ કરવા માટેની સીરીઝના નંબર મેળવી લીધા છે.
- હવે ફોર્મ નંબર ૪૦૩ મેળવવા માટે બે વિકલ્પો છે.
  1. ગુજરાતનો નોંધાયેલ વેપારી પોતે જનરેટ કરેલ ફોર્મની સીરીઝના એક નંબર વડે ફોર્મ ૪૦૩ મેળવી શકશે.
  2. ગુજરાતના વેપારીએ, પોતાની જરુરિયાત મુજબ આ સીરીઝના નંબરો પરપ્રાંતના વેપારી/એજન્ટ/ટ્રાન્સપોર્ટ/બ્રોકર વિગેરેને ટેલિફોનિક/ઇ-મેલ કે અન્ય રીતે મોકલવાના રહેશે. પરપ્રાંતના આ વેપારીઓ/એજન્ટો માટે વેબસાઇટ પર ફોર્મ મેળવવા માટે પાસવર્ડની જરૂરિયાત રહેશે નહીં (ઝીરો લોગ-ઇન)

ગુજરાતનાં નોંધાયેલ વેપારીએ અથવા પરપ્રાંતના વેપારી-ટ્રાન્સપોર્ટર ઓપરેટર-કમિશન એજન્ટ કે અન્ય વ્યકિતએ ફોર્મ ૪૦૩ મેળવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

### ખ ફોર્મ ૪૦૩નું ટેમ્પલેટ ડાઉનલોડ કરવું

- સૌપ્રથમ ઇન્ટરનેટની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.
- હોમપેજ પર ડાબી બાજુ પર જનરલ મેનું માં "ચેકપોસ્ટ સબમીશન ૪૦૩" ની લિન્ક પર કિલક કરવાથી ટીન એન્ટર કરવા માટેની સુચના આવશે. અહીં, ગુજરાતના નોંધાયેલ વેપારીનો ટીન લખવો. ગુજરાતના જે વેપારી માટે ફોર્મ ૪૦૩ લેવાના છે તેનો નંબર લખવો (ગુજરાતનો ટીન ૨૪ થી શરૂ થતો અને ૧૧ આંકડાનો છે.) ટીન લખી "સબમીટ" કરવાથી ટેમ્પલેટ ડાઉનલોડ માટેનું ડાયલોગ બોકસ ઓપન થશે.

- આ પેજમાં પ્રથમ ફ્રેમમાં ફોર્મ નંબર ૪૦૩ નોનસ્પેસીફાઇડ ગુડઝ ( મેક્રોબેઝડ) ફોર્મ નંબર ૪૦૩ સ્પેસીફાઇડ ગુડઝ (મેક્રો બેઝડ) માટે એમ (સેમ્પલ તથા ટેમ્પ્લેટ ડાઉનલોડ કરવાની ) બે લિન્કસ આપેલ છે.
- આપને જરૂરી એવા ટેમ્પ્લેટ (સ્પેશીફાઇડ કે નોન સ્પેશીફાઇડ) લિંક પર કિલક કરવાથી ફાઇલ ડાઉનલોડનો મેસેજ સ્ક્રિન પર આવશે. જેને "સેવ" ના બટન પર કિલક કરવાથી આપને ડાઉનલોડ કરેલ ટેમ્પ્લેટ કયાં સેવ કરવું છે તે પુછતો "ડાયલોગ બોકસ" આવશે યોગ્ય જગ્યાએ ટેમ્પ્લેટ સેવ કરવું. સેવ કરેલ ટેમ્પલેટ વારંવાર ઉપયોગમાં લઇ શકાશે. ઉપર દર્શાવેલ બે લિંકસ પૈકી પ્રથમ લિંક સેમ્પલના ફોર્મની છે, જે માત્ર ડાઉનલોડેડ ટેમ્પલેટ કેવાં હોય તે જોવા માટે આપેલ છે, જેની પરથી ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ પ્રોસેસ કરવા માટે ઉપયોગી નથી જેની ખાસ કાળજી રાખવી.
- ડાઉનલોડ કરેલ ફોર્મ ૪૦૩ ની એકસેલ શીટમાં ડેટા ભરતા અગાઉ, "મેક્રો એનેબલ" કરવી જરૂરી છે. જે કારણે ટેમ્પલેટમાં દર્શાવેલ અમુક સવલતો નો ઉપયોગ કરી શકાય છે તથા ભરેલ ટેમ્પલેટ ઓફલાઇન વેલીડેટ કરી શકાય છે જેથી અપલોડ વખતે ડેટા વેલીડેશન એરર નિવારી શકાય છે. "મેક્રો એનબલ" કરવા માટેની સમજૂતિ ટેમ્પલેટ સાથે "હેલ્પ" ની લાલ ટેબ સાથેની શીટમાં આપેલ છે જે મુજબ કરવાથી, ટેમ્પલેટ "મેક્રો એનેબલ" થશે.. હવે આપ ઓફલાઇન થઇ શકો છો.

ગ. ટેમ્પલેટમાં વિગતો ભરવી

- ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ માં સૌપ્રથમ કોલમમાં "જનરેટેડ સીરીઝ નંબર" લખવાનો રહેશે, આપે અગાઉ જે ફોર્મ નંબર ૪૦૩ની સીરીઝ ડાઉનલોડ કરેલ છે તે નંબરો પૈકીનો એક નંબર આ કોલમમાં લખવાનો રહેશે. હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ (ત્રણ એકસેલ શીટ) ને ભરવાની કામગીરી કરવી. પ્રથમ એકસેલ શીટ "બેઝીક ઇન્ફર્મેશન" માટે, "બીજી કોમોડીટી ડીટેઇલ" માટે તથા ત્રીજી શીટ "ટ્રાન્સપોર્ટરની ડીટેઇલ" માટેની છે. જેમાં આપના વ્યવહારની માહિતી ભરવી દરેક કોલમ ભરવા માટે સેલ પર માઉસ પોઇન્ટર મૂકવાથી ટુલ ટીપ આવશે આ ટુલ ટીપનો ઉપયોગ કરવા વિનંતી છે. લાલ અક્ષર તથા ફુદડી (*) દર્શાવેલ કોલમ ભરવા ફરજિયાત છે.
- ટેમ્પલેટ ભર્યા બાદ બેઝીક શીટ પર આપેલ "વેલીડેટ" ના બટન પર કિલક કરવાથી, ભરેલ ટેમ્પલેટમાં એરર હશે તો તે પ્રત્યે આપનું ધ્યાન દોરવામાં આવશે, તમામ એરર સુધારીને "નો એરર ફાઉન્ડ" નો મેસેજ આવે ત્યાં સુધી વેલિડેટ કરવું. વેલિડેટ કરેલ ટેમ્પલેટ ને સેવ કરવા માટે લોકેશન નકકી કરવા માટેનો ડાયલોગ બોકસ આવશે જેમાં યોગ્ય લોકેશન પર વેલિડેટ કરેલ ટેમ્પલેટ ફાઇલ સેવ કરવી. આ સેવ કરેલ ટેમ્પલેટ હવે અપલોડ કરવાનું છે.

ઘ. ટેમ્પલેટ અપલોડ કરવું

- હવે વેબસાઇટ ખોલીને લોગઇન થયા સિવાય "ચેકપોસ્ટ સબમીશન ૪૦૩" ની લિંક પર કિલક કરવાથી ગુજરાતનો ટીન એન્ટર કરવા માટેની સુચના આવશે, અહીં ગુજરાતના વેપારીનો ટીન લખવો અને સબમીટ કરવાથી ટેમ્પલેટ અપલોડ કરવાના મેનું હશે ત્યાંથી અપલોડની કાર્યવાહી શરૂ કરવી.
- આ માટે પહેલાં "ગુડઝ ટાઇપ" (નોન સ્પેસીફાઇડ ગુડઝ અથવા સ્પેસીફાઇડ ગુડઝ) સિલેકટ કરવું. નીચે આપનો મેલ આઇડી આપવો. જે ફરિજયાત છે. જેની પર આપને ઇ-મેઇલ મોકલવામાં આવનાર છે. તથા ત્યાર પછીની રો માં ગુજરાતના વેપારીની બ્રાન્ચ સિલેકશન કરીને, "બ્રાઉઝ" બટનથી સેવ કરેલ ટેમ્પલેટ ફાઇલ એટેચ કરવી અને અપલોડ બટન કિલક કરતાં અપલોડીંગની કામગીરી શરુ થશે.
- અપલોડ થયેલ ફાઇલમાં "No Error Found" એવો મેસેજ મળતા, નીચે "સબમીટ" નું બટન હશે જેને કમાન્ડ આપતાં જ ફોર્મ અપલોડ થયાની રીસીપ્ટ તથા ફોર્મની પીડીએફ લિંક આપના હોમ પેજ પર મળશે.

- સૌપ્રથમ નીચે આવેલ પીડીએફ લિંક ૪૦૩ પર કિલક કરવી જેથી ફોર્મ ૪૦૩ (બારકોડેડ) ઓપન થશે જેની ૩ નકલ પ્રિન્ટઆઉટ મેળવી લેવી જેને વાહન ચાલકને માલના દસ્તાવેજો સાથે રાખવા આપવાની રહેશે. આ ફોર્મની નકલ આપના કોમ્પ્યુટરમાં સેવ પણ થઇ શકશે.

ચ. જનરેટ કરેલ નંબર કે ફોર્મની પ્રિન્ટ મળે નહી ત્યારે નકલ કાઢવી

- જો કોઇ કારણસર જનરેટ થયેલ ફોર્મ ડાઉનલોડ કરવાનું બાકી રહે તો, ગુજરાતના વેપારી પોતાના લોગઇન માં જઇને ડાબી બાજુએ જનરલ ટાઇટલ હેઠળ "ડુપ્લીકેટ રીસીપ્ટ" ની લિંક છે, જયાં કિલક કરવાથી "CHECK POST SUBMISSION" ની લિંક મળશે જેની પર કિલક કરવાથી આપના ધ્વારા અગાઉ મેળવાયેલ તમામ ફોર્મ્સ ની લિંક મળશે જેની પર કિલક કરવાથી જનરેટ થયેલ રીસીપ્ટ અને ફોર્મ ૪૦૩ ની પીડીએફ લિંક મળી શકશે જેની પર કિલક કરવાથી ફોર્મ જનરેટ કરીને તેની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે.
- આજ રીતે ફોર્મ ૪૦૩ ની જનરેટ કરેલ સીરીઝ ની વિગતો મેળવી શકાયેલ ન હોય તો, જનરલ ટેબમાં જઇને ડુપ્લીકેટ રીસીપ્ટ તથા ફોર્મ ૪૦૩ સીરીઝ જનરેશન ની લિંક પર કિલક કરતાં તેની વિગતો ફરીથી મેળવી શકાશે.

છ. અપલોડ થયેલ ફોર્મ એપ્રુવ/રીજેકટ કરવું

- જનરેટ કરેલ ફોર્મ ૪૦૩ જો કોઇ કારણસર રદ કરવાનું થાય તો, વેપારી પોતાના લોગઇન માં જઇને આપેલ લિંક "ઇ-ચેકપોસ્ટ" તથા "એપ્રુવ ચેકપોસ્ટ સબમીશન ૪૦૩" ની લિંક પર કિલક કરીને અગાઉજનરેટ કરેલ તમામ ૪૦૩ના ફોર્મની યાદી જોઇ શકશે. આ યાદીની બાજુમાં આવેલ ચેકબોકસ માં ટીક કરીને તેને "એપ્રુવ" કે "રીજેકટ" ના બટનથી અગાઉ જનરેટ કરેલ ફોર્મ એપ્રુવ કે રીજેકટ કરી શકાશે. ફોર્મ રીજેકટ કર્યાબાદ વાપરેલ જનરેટેડ સીરીઝ નંબર ફરીથી વાપરી શકાશે નહીં

જ. ફોર્મ અંગેનો હિસાબ જોવો

- આ ઉપરાંત, જનરેટ કરેલ સીરીઝના હિસાબ માટે ( લો-ઇન/જનરલ/ડુપ્લીકેટ રીસીપ્ટ/૪૦૩ સીરીઝ જનરેશન ) કરતાં, ફોર્મ રીકવેસ્ટેડ, ફોર્મ કન્ઝયુમ્ડ અને ફોર્મ પેન્ડીંગનો હિસાબ મળી શકશે.

ઝ. ટ્રાન્સપોર્ટર ડીટેઇલ અગાઉ ભરેલ ના હોય ત્યારે પાછળથી ભરવી

- માલ મંગાવતી વખતે Template ની Transporter sheet વિગતો કેટલીક વખત ઉપલબ્ધ ન હોઇ ભરવી શકય હોતી નથી આ વિગતો સિવાય ટેમ્પલેટ અપલોડ કરી પ્રિન્ટ મેળવી શકાય છે. પાછળથી આ વિગતો ઉપલબ્ધ થતાં તે ભરી શકાય છે. આ માટે વેબસાઇટમાં લોગઇન થઇ "ઇ-ચેકપોસ્ટ" પર કલીક કરતાં નીચે "સબમીટ ટ્રાન્સપોર્ટર ડીટેઇલ" આવશે જેના પર કલીક કરતાં મેનું ખુલશે જેમાં "ફોર્મ ટાઇપ" ૪૦૩ સીલેકટ કરી જે ફોર્મ માટેની વિગતો ભરવી હોય તે ફોર્મનો જનરેટેડ સીરીઝ નંબર નાંખીને "સર્ચ" પર કલીક કરતાં કોલમો ખુલશે જેમાં ટ્રાન્સપોર્ટને લગતી વિગતો ભરવાની રહેશે. આ કોલમોમાં એલ.આર.ને લગતિ વિગતો ફરજિયાત છે. આ વિગતો ભરીને સબમીટ પર કલીક કરવાથી "ટ્રાન્સપોર્ટર ડીટેઇલ્સ અપલોડ સકસેસફુલી" એવો મેસેજ આવશે. આપની વિગતો તમારા અગાઉના અપલોડ કરેલ ફોર્મમાં આવી જશે. આ જોવા માટે ડુપ્લીકેટ એકલોજમેન્ટ રીસીપ્ટમાં જઇ ફોર્મ ખોલતાં તે જોઇ શકાશે.

ટ અન્ય ધ્યાને રાખવાની બાબતો :-

- ફોર્મમાં દર્શાવ્યા મુજબની ચેકપોસ્ટ પરથી જ વાહન પસાર થાય તેવો આગ્રહ રાખવો.
- જનરેટ થયેલ ફોર્મ બારકોડેડ છે જેની ડુપ્લીકેટ કે નકલ શકય નથી જો તેની કોપી કરીને ઉપયોગમાં લેવામાં આવશે તો ચેકપોસ્ટ પર પકડાઇ જશે.
- એક ફોર્મમાં એકથી વધુ ઇન્વોઇસનો/કોમોડીટીનો સમાવેશ થઇ શકશે. ટેમ્પલેટમાં આપેલ (+) બટનની મદદથી ઇન્વોઇસ અને કોમોડીટી ની "રો" ની સંખ્યા ૨૦ સુધી વધારી શકાશે અને (-) બટનથી ઘટાડી શકાશે.
- એક ટ્રકમાં માલ મોકલનાર અલગ અલગ વેપારી માટે અલગ અલગ ફોર્મ જનરેટ કરવાનું રહેશે.
- એક ટ્રકમાં માલ મોકલનાર વેપારી એક, પરંતુ ખરીદનાર વેપારી અલગ હોય તો તેને માટે પણ અલગ ફોર્મ જનરેટ કરવુ પડશે.
- જનરેટ થયેલ ફોર્મ વિષે આપને આપના ઇ-મેલ એડ્રેસ પર ઇ-મેલ મોકલવામાં આવશે.
- જો પરપ્રાંતનો વેપારી સી.એસ.ટી નંબર ધરાવતો હોય તો, ટેમ્પલેટ ની બેઝીક શીટમાં, YES સિલેકટ કરવાનું તથા ડેટા નાંખવાનો રહેશે. જો પરપ્રાંતનો વેપારી ટીન પણ ન ધરાવતો હોય તો, તેના ટીન તરીકે ૧૧ નવના અંકો નાંખવાના રહેશે. (૯૯૯૯૯૯૯૯૯૯૯)

આ માટે

*આપની કોમ્પ્યુટર સિસ્ટમ માં નીચે મુજબની જરુરિયાતો હોવી ફરજિયાત છે.*

વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ્સ (૯૮ થી વિન્ડોઝ-૭)///એમ.એસ.ઓફીસ (એકસપી અને તેની ઉપરના વર્ઝન્સ)///અડોબ એક્રોબેટ રીડર (૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ એકસપ્લોરર(૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ કનેકટીવીટી (પ્લગ ટુ સર્ફ બ્રોડબેન્ડ વિગેરે) ///પ્રિન્ટઆઉટ લેવા માટે ડીએમપી-ઇન્કજેટ કે લેસર પ્રિન્ટર.

## Procedure to get Form No. 403 On line
## (In Simple Steps)

### A. To generate number

For Registered Dealer of Gujarat State only -:

- Log on to Gujarat Commercial Tax Department website www.commercialtax.gujarat.gov.in
- Please enter your TIN as user Id, your Password, log in as "Dealer" and reply CAPTCHA on left top of the homepage.
- You will find a link named e-Services – e-Check post – followed by "403 Series Generation". Click on "403 Series Generation". You will get a box in which you need to enter number of 403 forms required( i.e.50) maximum 2000 numbers you can get at a time. Submit the request to get the Generated Series Numbers.
- Now you will get a barcoded acknowledgement and form number link. Save the generated number series to your computer for further use. (Save in Excel Sheet) please turn off pop up blocker. Now you have get Generated Series Numbers.

Now there are two Options to generate form 403.

- Either you as registered dealer generate form 403 on your computer and send it to your consigner of other State or
- Convey the generated series numbers to the consigner to generate form 403 at their end.

### B. For downloading template of form 403

To get form 403 from website a dealer, Consigner, Consignee, Transporter, Agent, Commission Agent can generate form without log in and need not have user Id or Password. Zero log in. They have to follow following steps.

- Log on to www.commercialtax.gujarat.gov.in
- Click on "Check Post Submission 403" Link under "General" menu located on left side of home page. A box will open in which you have to enter TIN of Gujarat dealer. TIN of Gujarat starts with '24' digits and consist total eleven digit. "Submit" your request. You will get a dialog box for download form 403 templates.
- The center of the page showing two links, 403 for specified goods (macro based) and 403 for non-specified goods. (Macro based). For information of goods type please click on "list"
- Click the link of specified or Non Specified Goods as per your commodity. Please not that both links allows you to download different templates. So please choose carefully.
- By clicking on "download template for goods entering into the state…………. (Macro based "File download Message will be appeared on your screen. On pressing "save" a dialogue box appear to ask the location to save the downloaded template. Please save the downloaded template on Hard Drive of your computer. Now you have to process for enabling the template macros. For enabling macros please refer Help Sheet of the template. Saved template will be used frequently. Now you can off line.

**C. For filling up the template.**

- Template consists of 3 Excel Sheets, first for General Information, second for commodity Detail and third for Transportation details. Fill the sheets columns by using tool tips and drop down box options. The first field has to be filled with "generated Series Number" supplied from registered dealer of Gujarat.
- After due filling the template in three excel sheets please go again on first sheet, click on "validate" button. You will find error massage if any. Than correct the error/s. No error found massage will be appeared on your screen. Now save the filled template at proper place in your computer.

**D. For uploading the filled template**

- Now Log on to www.commercialtax.gujarat.gov.in.
- Click on "check post submission 403" and then come to the menu of "check post form 403" Now upload process of saved template should be started.
- Select "good type" (specified or none specified), enter mail ID, attaché saved template file and select branch name.
- Now click "upload" button. Now processing of uploading of saved template file will be start. No error massage will be on your screen.
- Now click on "submit" button. You will get a barcoded acknowledgement and PDF form link.
- Please first click on PDF link of form, a form 403 with Bar code will appear on screen.
- Please print 3 copies of the form 403 and give 3 copies to driver to carry with vehicle heading check post. You can also save it on your computer

E **For printing an uploaded form in case of non-availability at the time of generation**

- If due to some reason generated form is not downloaded, then please log in website- In General menu - Duplicate receipt. You will find a dialogue box "Duplicate Acknowledgement receipt "click -check post submission. A dialogue box "List of check post form" will appear. Select period and form type 402.search the form and click on it,you will find a pdf of form402

**F. For approve/reject downloaded form**

- You can approve or reject generated form 403. For this Gujarat dealer should log in.
- Then click on "e-check post- approved check post submission. You can find an "Approve/reject check post forms" menu.
- Select the form and approve or reject it.
- After rejecting the form generated series number will not be used again.

**G. for viewing of account of forms**

- You can view your 403 forms account status on line. For this please log in click on "General"- Duplicate receipt-403 series generation. You will find a "List of 403 series generation". Your account of form 403 will be on your screen.

**H. For submitting transportation details of earlier downloaded form**.

- Sometimes details of transportation are not available at the time of filling the template. Without these form can be uploaded. Later on when these details be available dealer of Gujarat can submit these details.
- For this log in to website, click "e check post ".You will find a link "submit transporter details "by clicking this link a menu will be open.
- Select form type and enters generated series number of the form and click on" search." You will find columns for transporter details. Fill columns and submit.
- You will find a massage "Transporter details uploaded successfully". Details submitted by you will be entered in your earlier uploaded form. You can see it by opening original pdf of form.

**I. Please attend following points**:

- Please see that your vehicle should pass from the check post mentioned in the form.
- Generated Bar coded form is allowed to use once only. Copy cannot be possible.
- You can include more than one commodity in single form.
- There shall be different forms for different consignee.
- You will receive a mail from department on your given mail address.
- If consigner of outside does not have TIN/CST number than enter 11 times 9 digit (99999999999)
- For above

You should have following requirement in your computer system.
Windows Operating System ( 98 and Higher versions ) /// MS Office ( Office XP and above version ) /// Adobe acrobat Reader ( Version 5.0 and above ) /// MS Internet Explorer ( Version 5.0 and above ) /// Internet connectivity ( plug to surf or Broadband ) /// DMP- Inkjet or Laser Printer to get print outs.
(Inkjet or Laser printer is recommended as print outs of DMP may cause difficulty for bar code machine at check post)